ક્રમાંક/FRC/૨૦૨૨/૧૧૭-૭૫
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
અનાવિલ ભવનની સામે,
કારેલીબાગ, વડોદરા.
તા.૨૬/૫/૨૦૨૨

# ફી નિયમન સમિતિ – વડોદરા વિભાગ, વડોદરા.

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,અનાવિલ ભવનની સામે, કારેલીબાગ,વડોદરા.
**Ph.0265-2488487 E.mail add:- frcvadodara@gmail.com**

U-Dise-24170 402202.

એફ.આર.સી./પંચમહાલ/દરખાસ્ત નં. PM-૧૯/૨૦૨૧-૨૨.

E-mail : meetprincipal@gmail.com

તા.૨૬-૦૫-૨૦૨૨.

અરજદાર શાળા :- અમૃત વિદ્યાલય (GSHSEB)(અંગ્રેજી માધ્યમ), મું.આટા, પો.અલવા, તા.કાલોલ, જી.પંચમહાલ-૩૮૯૩૧૦..

વિષય :- સને-૨૦૨૧-૨૨ થી સને-૨૦૨૩-૨૪ પ્રિ.પ્રાયમરી, પ્રાયમરી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક, જનરલ અને સાયન્સની ફી વધારા માટેની દરખાસ્ત.

અનુસંધાન :-

(૧) ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને-૨૦૧૭.
(૨) ગુજરાત સ્વનિર્ભર શાળા (રેગ્યુલેશન ઓફ ફીઝ) નિયમો, ૨૦૧૭.
(૩) નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઇન્ડીયામાં દાખલ થયેલ સ્પે.લીવ ટુ અપીલ (સી) નં.૩૧૪/૨૦૧૮ ના હુકમો.

## -:: વચગાળાનો હુકમ ::-

(૧) અરજદાર શાળાએ ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને ૨૦૧૭ અને તે અંતર્ગત ગુજરાત સ્વનિભર શાળા ફી નિયમન (નિયમો) સને-૨૦૧૭ ના નિયમ-૬ અન્વયે ફી નિયમન સમિતિ, વડોદરા સમક્ષ પોતાની દરખાસ્ત રજુ કરી છે. જે દરખાસ્ત તેઓએ સને ૨૦૨૧-૨૨ થી સને ૨૦૨૩-૨૪ ના ૩ વર્ષની ફી નક્કી કરવા માટે જણાવવામાં આવ્યું છે. જેમાં અરજદાર શાળા ધ્વારા નીચે પ્રમાણેની સૂચિત ફીની માગણી કરવામાં આવી છે. :-

| અ. નં. | ધોરણ | માધ્યમ | બોર્ડ | અરજદાર શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા. | અરજદાર શાળાની સૂચિત ફીની માગણી |
|---|---|---|---|---|---|
| | | | | સને ૨૦૧૯-૨૦. | સને ૨૦૨૧-૨૨. |
| (૧) | નર્સરી | અંગ્રેજી | GSHSEB | ૪૦ | રૂા.૫૧,૫૭૦/- |
| (૨) | જુ.કે.જી. | અંગ્રેજી | GSHSEB | ૪૫ | રૂા.૫૧,૫૭૦/- |
| (૩) | સી.કે.જી. | અંગ્રેજી | GSHSEB | ૫૮ | રૂા.૫૧,૫૭૦/- |
| (૪) | ૧. | અંગ્રેજી | GSHSEB | ૪૭ | રૂા.૬૮,૩૯૦/- |
| (૫) | ૨. | અંગ્રેજી | GSHSEB | ૪૦ | રૂા.૬૮,૩૯૦/- |
| (૬) | ૩. | અંગ્રેજી | GSHSEB | ૪૯ | રૂા.૬૮,૩૯૦/- |
| (૭) | ૪. | અંગ્રેજી | GSHSEB | ૪૮ | રૂા.૬૮,૩૯૦/- |
| (૮) | ૫. | અંગ્રેજી | GSHSEB | ૪૭ | રૂા.૬૮,૩૯૦/- |
| (૯) | ૬. | અંગ્રેજી | GSHSEB | ૪૧ | રૂા.૭૦,૯૭૦/- |
| (૧૦) | ૭. | અંગ્રેજી | GSHSEB | ૪૩ | રૂા.૭૦,૯૭૦/- |
| (૧૧) | ૮. | અંગ્રેજી | GSHSEB | ૩૯ | રૂા.૭૦,૯૭૦/- |
| (૧૨) | ૯. | અંગ્રેજી | GSHSEB | ૨૨ | રૂા.૭૩,૩૬૦/- |
| (૧૩) | ૧૦. | અંગ્રેજી | GSHSEB | ૨૭ | રૂા.૭૩,૩૬૦/- |
| (૧૪) | ૧૧ જનરલ | અંગ્રેજી | GSHSEB | ૧૪ | રૂા.૭૦,૩૦૦/- |
| (૧૫) | ૧૨ જનરલ | અંગ્રેજી | GSHSEB | ૦૦ | રૂા.૭૦,૩૦૦/- |
| (૧૬) | ૧૧ સાયન્સ | અંગ્રેજી | GSHSEB | ૦૬ | રૂા.૭૫,૨૪૦/- |
| (૧૭) | ૧૨ સાયન્સ | અંગ્રેજી | GSHSEB | ૧૪ | રૂા.૭૫,૨૪૦/- |
| | | | કુલ વિદ્યાર્થી... | ૫૮૦ | |

(૨) અરજદાર શાળાએ સને સને ૨૦૧૭-૧૮ થી ૨૦૧૯-૨૦ ના વર્ષ માટેની દરખાસ્ત નં.૨૪/૨૦૧૮ દાખલ કરી હતી. જેમાં નામદાર સુપ્રિમ કોર્ટના સ્પેશીયલ લીવ અપીલ (સીવીલ) નં.૩૧૪/૨૦૧૮ ફેડરેશન ઓફ સેલ્ફ ફાઇનાન્સ સ્કુલ અને બીજાઓ વિ.સ્ટેટ ઓફ ગુજરાત દાખલ કરવામાં આવી હતી. જેમાં વખતોવખત આખરી હુકમ કરવામાં આવેલ છે.

(૩) અરજદાર શાળાએ સને ૨૦૨૦-૨૧ થી સને ૨૦૨૨-૨૩ ના વર્ષ માટેની દરખાસ્ત દાખલ કરી હતી. જે દરખાસ્ત નં.૨૨/૨૦૨૦-૨૧ થી તા.૧૪-૦૯-૨૦૨૧ ના રોજ હુકમ કરવામાં આવ્યો હતો. જેમાં ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક-બમશ/૧૨૨૦/ ૫૩/એફ.આર.સી.સેલ, તા.૦૭-૧૦-૨૦૨૦ ના કોવિડ-૧૯ ની પરિસ્થિતિમાં સ્વ-નિર્ભર શાળાઓએ વસુલવાની થતી ફી બાબતના પરિપત્રને ધ્યાને લઇને સને ૨૦૧૯-૨૦ ના વર્ષમાં જે ફી નક્કી કરવામાં આવી હતી તે ફીના ૭૫ ટકા રકમ સને ૨૦૨૦-૨૧ ના વર્ષમાં ફી તરીકે લેવાની હતી અને તે અન્વયે હુકમ કરવામાં આવ્યો હતો.

(૪) સમગ્ર દેશમાં તાજેતરમાં ઉપસ્થિત થયેલ કોવિડ-૧૯ ની મહામારીના કારણે તા.૧૬-૦૩-૨૦૨૦ થી રાજ્યની તમામ શાળાઓ (સરકારી, ગ્રાન્ટ-ઇન-એઇડ, સ્વ-નિર્ભર) બંધ રાખવાની જાહેરાત કરવામાં આવેલ છે. કેન્દ્ર સરકાર ધ્વારા સમયાંતરે લોક-ડાઉનની જાહેરાતો કરવામાં આવેલી હતી તે સંજોગોમાં શાળાઓ બંધ રાખવામાં આવી હતી અને હાલની પરિસ્થિતિમાં પણ કેન્દ્ર સરકારના આ અંગેના નિર્દેશો મુજબ શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવાના આદેશો કરવામાં આવેલ છે અને આ પરિસ્થિતિ ધ્યાને લઇને અરજદાર શાળાના સને ૨૦૧૯-૨૦ ના ઓડીટ થયેલા હિસાબો અને તે વર્ષના વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે સને ૨૦૨૧-૨૨ થી સને ૨૦૨૩-૨૪ ના ૩ વર્ષ માટેની વચગાળાની ફી, ફી નિયમન સમિતિએ નક્કી કરવાનું ઠરાવેલ છે. કારણ કે, સને ૨૦૨૦-૨૧ ના વર્ષ માટે શાળાએ સને ૨૦૧૯-૨૦ ની ફીના ૭૫ ટકા રકમ જ ફી તરીકે લેવાનું ઠરાવેલ હતું. શાળા પુરેપુરા સમય ચાલી નથી. વિદ્યાર્થીઓની ફી ઓછી આવેલી છે તે જ પ્રમાણે શાળાને પણ ખર્ચનું પ્રમાણ ઓછું થયેલ છે તેથી સને ૨૦૧૯-૨૦ ના વર્ષના ઓડીટ આધારે ફી નક્કી કરવાનું ઠરાવવું ન્યાયી, વ્યાજબી અને શાળા સંચાલક અને વિદ્યાર્થીઓના વાલીઓને નુકશાન ન થાય તે હેતુથી સને ૨૦૧૯-૨૦ નું વર્ષ નક્કી કરવામાં આવ્યું છે.

(૫) અરજદાર શાળા ધ્વારા સને ૨૦૧૯-૨૦ ના વર્ષના ઓડીટ થયેલા હિસાબો રજુ કરવામાં આવેલા છે અને તેમાં દર્શાવેલી આવક અને જાવકના હિસાબો ફી નિયમન સમિતિ ધ્વારા ધ્યાને લઇને તે વર્ષના વિદ્યાર્થીઓની સંખ્યાના હિસાબે ફી નક્કી કરવાનું ઠરાવવામાં આવેલ છે.

| અ.નં. | | પ્રાયમરી | સેકન્ડરી |
|---|---|---|---|
| ૧ | એન્યુઅલ ફી | રૂા.૧૪,૭૭,૮૩૦/- | રૂા.૨,૭૪,૭૫૦/- |
| ૨ | એડમીશન ફી | રૂા.૧,૭૮,૧૩૦/- | રૂા.૯,૪૫૦/- |
| ૩ | કોમ્પ્યૂટર ફી | રૂા.૩૦,૨૦,૪૦૦/- | રૂા.૬,૯૪,૪૮૦/- |
| ૪ | યોગા ફી | રૂા.૨૩,૧૩,૦૭૦/- | રૂા.૧,૮૩,૮૪૦/- |
| ૫ | ટ્યુશન ફી | રૂા.૧,૭૫,૮૫,૪૮૦/- | રૂા.૩૩,૫૩,૬૬૦/- |
| ૬ | સ્કુલ ફી | રૂા.૧,૫૭,૩૬૮/- | રૂા.૭૬,૭૯૪/- |

| | | | |
|---|---|---|---|
| ૭ | બુક્સ રીસીપ્ટ | રૂા.૪,૦૦,૫૭૫/- | રૂા.૦૦/- |
| ૮ | પરચુરણ આવક | રૂા.૧૯,૭૫,૨૨૫/- | રૂા.૪૮,૭૦૫/- |
| ૯ | લાઇબ્રેરી ફી | રૂા.૦૦/- | રૂા.૨,૩૮,૬૮૦/- |
| ૧૦ | લેબ ફી | રૂા.૦૦/- | રૂા.૧,૮૨,૬૮૦/- |
| | કુલ આવક (રૂા.) | રૂા.૨,૭૧,૧૦,૦૭૮/- | રૂા.૫૦,૬૩,૦૩૯/- |

(૬) અરજદાર શાળા તરફથી દર્શાવવામાં આવેલી આવકની વિગતો ચકાસતાં એડમીશન ફી તથા ટર્મ ફીનો સમાવેશ ગુજરાત સ્વ-નિર્ભર શાળાઓ ફી નિયમન અધિનિયમ, સને-૨૦૧૭ ની કલમ-૨ (જી) માં નક્કી કરવામાં આવેલી છે અને તેમાં એડમીશન ફી અને ટર્મ તેમજ અન્ય ફીનો સમાવેશ એક જ ફીના મથાળા હેઠળ કરવામાં આવે છે. અરજદાર શાળાના સને ૨૦૧૯-૨૦ ના વિદ્યાર્થીઓની સંખ્યા ૫૮૦ થાય છે. એવરેજ ફી શાળાએ રૂા.૫૯,૫૬૨/- પ્રમાણે લીધી છે. જયારે એફ.આર.સી. ધ્વારા પાછલા વર્ષમાં નક્કી કરવામાં આવેલી એવરેજ ફી રૂા.૩૬,૬૦૦/- થતી હતી તેના બદલે દરેક વિદ્યાર્થી પાસેથી રૂા.૨૨,૯૬૨/- ની વધુ ફી લીધી છે. આમ કરીને અરજદાર શાળાએ રૂા.૧,૩૩,૧૭,૯૬૦/- ની વધુ આવક મેળવી છે. નામદાર સુપ્રિમ કોર્ટના સ્પેશીયલ લીવ પીટીશન નં.૩૧૪/૨૦૧૮ ના હુકમમાં ઠરાવ્યા મુજબ વૈકલ્પિક પ્રવૃતિ વિદ્યાર્થીએ સ્વીકારી હોય તો જ વિદ્યાર્થી પાસેથી વૈકલ્પિક પ્રવૃત્તિની ફી અલગથી લેવા હક્કદાર બને છે અને તે સિવાયની અન્ય કોઇ ફી વિદ્યાર્થી પાસેથી અલગ રીતના વસુલ કરવા હક્કદાર બનતા નથી.

<u>પ્રાયમરી</u> :-

| અ. નં. | ખર્ચની વિગત | ઓડીટ મુજબ દર્શાવેલી ખર્ચની રકમ. (રૂા.) | ફી નિયમન સમિતિ ધ્વારા મંજુર કરેલી રકમ. (રૂા.) | ફી નિયમન સમિતિ ધ્વારા નામંજુર કરેલી રકમ. (રૂા.) |
|---|---|---|---|---|
| (૧) | બસ હાયર ચાર્જ | ૧૦૯૮૨૭૫ | ૦૦ | ૧૦૯૮૨૭૫ |
| (૨) | ડીસ્કાઉન્ટ | ૧૧૮૦૦૧૧ | ૦૦ | ૧૧૮૦૦૧૧ |
| (૩) | મ્યુઝીક અને એન્ટેટમેન્ટ ખર્ચ | ૪૧૬૮૪૬ | ૦૦ | ૪૧૬૮૪૬ |
| (૪) | પરચુરણ ખર્ચ | ૭૦૨૦૨૧ | ૦૦ | ૭૦૨૦૨૧ |
| (૫) | લંચ ખર્ચ | ૧૨૩૩૭૯૬ | ૦૦ | ૧૨૩૩૭૯૬ |
| (૬) | ટ્રાવેલીંગ ખર્ચ | ૮૮૧૭૫૫ | ૦૦ | ૮૮૧૭૫૫ |
| (૭) | ઘસારો | ૯૦૩૮૭૩ | ૦૦ | ૯૦૩૮૭૩ |
| | કુલ રૂા.... | ૬૪૧૬૫૭૭ | ૦ | ૬૪૧૬૫૭૭ |

<u>માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક</u> :-

| અ. નં. | ખર્ચની વિગત | ઓડીટ મુજબ દર્શાવેલી ખર્ચની રકમ. (રૂા.) | ફી નિયમન સમિતિ ધ્વારા મંજુર કરેલી રકમ. (રૂા.) | ફી નિયમન સમિતિ ધ્વારા નામંજુર કરેલી રકમ. (રૂા.) |
|---|---|---|---|---|
| (૧) | ડીસ્કાઉન્ટ | ૩૦૦૦૮૭ | ૦૦ | ૩૦૦૦૮૭ |
| (૨) | ઘસારો | ૭૩૫૭૯ | ૦૦ | ૭૩૫૭૯ |
| | કુલ રૂા.... | રૂા.૩,૭૩,૬૬૬/- | ૦૦ | રૂા.૩,૭૩,૬૬૬/- |

(૭) અરજદાર શાળાએ સને ૨૦૧૯-૨૦ ના ઓડીટ રીપોર્ટમાં બસ હાયર ચાર્જ તરીકે રૂા.૧૦,૯૮,૨૭૫/- તેમજ લન્ચ ખર્ચ તરીકે રૂા.૧૨,૩૩,૭૯૬/- ની રકમો ઉધારવામાં આવી છે. જે ખર્ચ વૈકલ્પિક પ્રવૃતિ અંગેનો ખર્ચ છે. નામદાર સુપ્રિમ કોર્ટના સ્પેશીલ લીવ પીટીશન નં.૩૧૪/૨૦૧૮ ના ચુકાદામાં ઠરાવ્યા પ્રમાણે તેમજ આ અન્વયે ગુજરાત સરકારના શૈક્ષણિક વિભાગના જાહેરનામા મુજબ વૈકલ્પિક પ્રવૃતિ અંગેની ફી, ફી નિયમન સમિતિએ નક્કી કરવાની રહેતી નથી. શાળા વૈકલ્પિક પ્રવૃતિ અંગેની વ્યાજબી રકમ શાળા પાસેથી ફી ઉપરાંત અલગ રીતના વસુલ કરવા હક્કદાર બને છે.

(૮) અરજદાર શાળાએ તેઓના ઓડીટ રીપોર્ટમાં ડીસ્કાઉન્ટ તરીકે રૂા.૧૧,૮૦,૦૧૧/- તેમજ રૂા.૩,૦૦,૦૮૭/- ની રકમો દર્શાવી છે. આ કયા હેતુ માટે ડીસ્કાઉન્ટ આપેલ છે તે અરજદાર શાળાએ દર્શાવેલ નથી અને તે અંગેનો કોઇ ખુલાસો કર્યો નથી. ડીસ્કાઉન્ટની રકમ ખર્ચ તરીકે વિદ્યાર્થીની ફીની ગણતરીમાં સમાવેશ થઇ શકે નહિ. જેથી, ફી નિયમન સમિતિ દ્વારા આ ડીસ્કાઉન્ટ ખર્ચ નામંજુર કરવામાં આવે છે.

(૯) અરજદાર શાળાએ તેઓના ઓડીટ રીપોર્ટમાં મ્યુઝીક અને એન્ટેટમેન્ટ ખર્ચ તરીકે રૂા.૪,૧૬,૮૪૬/- પરચુરણ ખર્ચ તરીકે રૂા.૭,૦૨,૦૨૧/- તેમજ ટ્રાવેલીંગ ખર્ચ તરીકે રૂા.૮,૮૧,૭૫૫/- ની રકમ દર્શાવવામાં આવી છે. જે ખર્ચ વિદ્યાર્થીઓની ફીમાં સમાવેશ થઇ શકે નહિ. વધુમાં અરજદાર શાળાએ વિદ્યાર્થીઓ પાસેથી પરચુરણ ખર્ચ તરીકે રૂા.૧૯,૭૫,૨૨૫/- ની રકમ મેળવી છે. વધુમાં અરજદાર શાળાએ સને ૨૦૧૯-૨૦ ના વર્ષમાં મંજુર કરવામાં આવેલી ફી કરતાં વિદ્યાર્થી દીઠ રૂા.૨૨,૯૬૨/- ની વધુ ફી મેળવી છે અને શાળાએ રૂા.૧,૩૩,૧૭,૯૬૦/- ની વધુ આવક મેળવી છે જેથી ઉપરોક્ત ખર્ચ ફી નિયમન સમિતિ દ્વારા નામંજુર કરવામાં આવ્યા છે.

(૧૦) અરજદાર શાળાએ તેઓના ઓડીટ રીપોર્ટમાં ઘસારા ખર્ચ તરીકે રૂા.૯,૦૩,૮૭૩/- તથા રૂા.૭૩,૫૭૯/- ની રકમો દર્શાવવામાં આવી છે. ઘસારો એ કોઇ પણ પ્રકારનો ખર્ચ નથી. ફી રીવીઝન કમિટીના ચુકાદામાં પણ ઘસારાને ખર્ચ તરીકે ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી. વિદ્યાર્થી દીઠની ફીની ગણતરીમાં ઘસારાનો સમાવેશ થઇ શકે નહી જેથી ઘસારા અંગેનો ખર્ચ ધ્યાને લેવામાં આવેલ નથી. આ સિવાયના તમામ ખર્ચાઓ હિસાબમાં મજરે આપવામાં આવેલ છે.

(૧૧) આ સિવાયના તેઓના ઓડીટ રીપોર્ટમાં દર્શાવેલ તમામ ખર્ચાઓ ગ્રાહ્ય રાખવામાં આવ્યા છે. ગ્રાહ્ય રાખવામાં આવેલ ખર્ચાઓને ધ્યાને રાખીને વિદ્યાર્થી દીઠની સંખ્યાને ધ્યાને લઇને નીચે મુજબની ફી નક્કી કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>(A) પ્રાયમરીના ઓડીટ મુજબનો હિસાબ</u> :-

| | | | |
|---|---|---|---|
| તા.૩૧-૦૩-૨૦૨૦ ના ઓડીટ મુજબની કુલ ખર્ચની રકમ | | | રૂા.૨,૪૯,૨૨,૪૪૫/- |
| નહિ અપાવેલ ખર્ચ :- | | | |
| (૧) | બસ હાયર ચાર્જ | ૧૦૯૮૨૭૫ | |
| (૨) | ડીસ્કાઉન્ટ | ૧૧૮૦૦૧૧ | |
| (3) | મ્યુઝીક અને એન્ટેટમેન્ટ ખર્ચ | ૪૧૬૮૪૬ | |

| | | | |
|---|---|---|---|
| (૪) | પરચુરણ ખર્ચ | ૭૦૨૦૨૧ | |
| (૫) | લંચ ખર્ચ | ૧૨૩૩૭૯૬ | |
| (૬) | ટ્રાવેલીંગ ખર્ચ | ૮૮૧૭૫૫ | |
| (૭) | ઘસારો | ૯૦૩૮૭૩ | |
| | | નહિ અપાવેલ ખર્ચની કુલ રકમ | રૂા.૬૪,૧૬,૫૭૭/- |
| | | કુલ માન્ય ખર્ચ | રૂા.૧,૮૫,૦૫,૮૯૮/- |
| | કુલ માન્ય ખર્ચ રૂા.૧,૮૫,૦૫,૮૯૮/- ભાગ્યા ૪૯૭ વિદ્યાર્થી દીઠનો સરેરાશ ખર્ચ | રૂા.૩૭,૨૩૫/- | |
| | ડેવલપમેન્ટ ખર્ચની રકમ ૭ ટકા પ્રમાણે | રૂા.૨,૬૦૬/- | |
| | આર.ટી.ઇ.ના વિદ્યાર્થી દીઠની ખર્ચની રકમ | ૧,૮૬૨ | |
| | કુલ માન્ય ખર્ચ | રૂા.૪૧,૭૦૩/- | |
| | | સરેરાશ વિદ્યાર્થી દીઠની ફી... | રૂા.૪૨,૦૦૦/- |

(B) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકનો ઓડીટ મુજબનો હિસાબ :-

| | | | |
|---|---|---|---|
| | તા.૩૧-૦૩-૨૦૨૦ ના ઓડીટ મુજબની કુલ ખર્ચની રકમ | | રૂા.૪૦,૦૩,૭૪૫/- |
| | નહિ અપાવેલ ખર્ચ :- | | |
| (૧) | ડીસ્કાઉન્ટ | ૩૦૦૦૮૭ | |
| (૨) | ઘસારો | ૭૩૫૭૯ | |
| | | નહિ અપાવેલ ખર્ચની કુલ રકમ | રૂા.૩,૭૩,૬૬૬/- |
| | | કુલ માન્ય ખર્ચ | રૂા.૩૬,૩૦,૦૭૯/- |
| | કુલ માન્ય ખર્ચ રૂા.૩૬,૩૦,૦૭૯/- ભાગ્યા ૮૩ વિદ્યાર્થી દીઠનો સરેરાશ ખર્ચ | રૂા.૪૩,૭૬૬/- | |
| | ડેવલપમેન્ટ ખર્ચની રકમ ૭ ટકા પ્રમાણે | રૂા.૩,૦૬૨/- | |
| | કુલ માન્ય ખર્ચ | રૂા.૪૬,૭૯૭/- | |
| | | સરેરાશ વિદ્યાર્થી દીઠની ફી... | રૂા.૪૭,૦૦૦/- |

(૧૨) અરજદાર શાળાના ઓડીટ રીપોર્ટ પ્રમાણે અનુક્રમે પ્રાયમરી વિભાગનો કુલ ખર્ચ રૂા.૧,૮૫,૦૫,૮૯૮/- તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગનો કુલ ખર્ચ રૂા.૩૬,૩૦,૦૭૯/- પ્રમાણે થાય છે. અરજદાર શાળાના ઓડીટ રીપોર્ટ પ્રમાણે કુલ માન્ય ખર્ચ રૂા.૨,૨૧,૩૫,૯૪૭/- થાય છે અને કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ૫૮૦ છે. જેથી, વિદ્યાર્થી દીઠની સરેરાશ ખર્ચ રૂા.૩૮,૧૬૫/- થાય છે. જેમાં ૭ ટકા ભવિષ્યના ડેવલપમેન્ટ ખર્ચની રકમ રૂા.૨,૬૭૨/- તેમજ આર.ટી.ઇ.ના વિદ્યાર્થી દીઠનો સરેરાશ ખર્ચ ૫ ટકા પ્રમાણેની રકમ રૂા.૧,૮૬૨/- ઉમેરવામાં આવે તો વિદ્યાર્થી દીઠનો સરેરાશ ખર્ચ રૂા.૪૨,૬૯૯/- થાય છે અને આ સંજોગોમાં અરજદાર શાળાની સરેરાશ વિદ્યાર્થી દીઠની ફી રૂા.૪૩,૦૦૦/- થાય છે. અરજદાર શાળાની માગણી સંદર્ભે પ્રિ.પ્રાયમરી તેમજ પ્રાયમરી વિભાગની વિદ્યાર્થી દીઠની ફી રૂા.૪૨,૦૦૦/- માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની વિદ્યાર્થી દીઠની ફી રૂા.૪૭,૦૦૦/- ઠરાવવામાં આવે છે. આ પ્રમાણેની ફી આપવામાં આવે અને વિદ્યાર્થીઓની સંખ્યા ધ્યાને લેવામાં આવે તો અરજદાર શાળાને કુલ આવક રૂા.૨,૪૭,૭૫,૦૦૦/- પ્રમાણે થાય તેમ છે જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## // હુ ક મ //

| અ. નં. | ધોરણ | માધ્યમ | બોર્ડ | વિદ્યાર્થીની સંખ્યા | સૂચિત ફીની માગણી | ફી નિયમન સમિતિ ધ્વારા નક્કી કરેલ ફી. |
|---|---|---|---|---|---|---|
| | | | | સને ૨૦૧૯-૨૦ | સને ૨૦૨૧-૨૨. | સને ૨૦૨૧-૨૨. |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| (૧) | નર્સરી | અંગ્રેજી | GSHSEB | ૪૦ | રૂ.૫૧,૫૭૦/- | રૂ.૪૨,૦૦૦/- |
| (૨) | જુ.કે.જી. | અંગ્રેજી | GSHSEB | ૪૫ | રૂ.૫૧,૫૭૦/- | રૂ.૪૨,૦૦૦/- |
| (૩) | સી.કે.જી. | અંગ્રેજી | GSHSEB | ૫૮ | રૂ.૫૧,૫૭૦/- | રૂ.૪૨,૦૦૦/- |
| (૪) | ૧. | અંગ્રેજી | GSHSEB | ૪૭ | રૂ.૬૮,૩૯૦/- | રૂ.૪૨,૦૦૦/- |
| (૫) | ૨. | અંગ્રેજી | GSHSEB | ૪૦ | રૂ.૬૮,૩૯૦/- | રૂ.૪૨,૦૦૦/- |
| (૬) | ૩. | અંગ્રેજી | GSHSEB | ૪૯ | રૂ.૬૮,૩૯૦/- | રૂ.૪૨,૦૦૦/- |
| (૭) | ૪. | અંગ્રેજી | GSHSEB | ૪૮ | રૂ.૬૮,૩૯૦/- | રૂ.૪૨,૦૦૦/- |
| (૮) | ૫. | અંગ્રેજી | GSHSEB | ૪૭ | રૂ.૬૮,૩૯૦/- | રૂ.૪૨,૦૦૦/- |
| (૯) | ૬. | અંગ્રેજી | GSHSEB | ૪૧ | રૂ.૭૦,૯૭૦/- | રૂ.૪૨,૦૦૦/- |
| (૧૦) | ૭. | અંગ્રેજી | GSHSEB | ૪૩ | રૂ.૭૦,૯૭૦/- | રૂ.૪૨,૦૦૦/- |
| (૧૧) | ૮. | અંગ્રેજી | GSHSEB | ૩૯ | રૂ.૭૦,૯૭૦/- | રૂ.૪૨,૦૦૦/- |
| (૧૨) | ૯. | અંગ્રેજી | GSHSEB | ૨૨ | રૂ.૭૩,૩૬૦/- | રૂ.૪૭,૦૦૦/- |
| (૧૩) | ૧૦. | અંગ્રેજી | GSHSEB | ૨૭ | રૂ.૭૩,૩૬૦/- | રૂ.૪૭,૦૦૦/- |
| (૧૪) | ૧૧ જનરલ | અંગ્રેજી | GSHSEB | ૧૪ | રૂ.૭૦,૩૦૦/- | રૂ.૪૭,૦૦૦/- |
| (૧૫) | ૧૨ જનરલ | અંગ્રેજી | GSHSEB | ૦૦ | રૂ.૭૦,૩૦૦/- | રૂ.૪૭,૦૦૦/- |
| (૧૬) | ૧૧ સાયન્સ | અંગ્રેજી | GSHSEB | ૦૬ | રૂ.૭૫,૨૪૦/- | રૂ.૪૭,૦૦૦/- |
| (૧૭) | ૧૨ સાયન્સ | અંગ્રેજી | GSHSEB | ૧૪ | રૂ.૭૫,૨૪૦/- | રૂ.૪૭,૦૦૦/- |

શરતો :-

૧) સને ૨૦૨૧-૨૨ ની નક્કી કરેલી ફી ગુજરાત સ્વ-નિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને-૨૦૧૭ ની કલમ-૨ (જી) અન્વયે નક્કી કરેલી ફી છે.

૨) અરજદાર શાળાએ સને ૨૦૨૧-૨૨ ના વર્ષમાં વૈકલ્પિક ફીની રકમ નક્કી કરવામાં આવેલી ફી કરતાં અલગથી વસુલ કરી શકશે અને તેમાં વિદ્યાર્થી અને તેના વાલીની તે પ્રવૃત્તિ માટે સંમતિ લેવાની રહેશે.

૩) અરજદાર શાળાએ સને ૨૦૨૧-૨૨ ની શૈક્ષણિક ફી માસિક તેમજ ત્રિમાસિક ધોરણે વસુલ કરી શકશે. પરંતુ ફી ભરવામાં થયેલ વિલંબ અંગે શાળા વાલી પાસેથી બેન્ક રેટના દર કરતાં વધુ રકમ પેનલ્ટી તરીકે વસુલ કરી શકશે નહિ.

૪) કોઇ પણ વાલીએ સને ૨૦૨૧-૨૨ ના વર્ષ માટે વચગાળાના હુકમ કરતાં શાળાના માન્ય કરેલ ફી મુજબની વધુ રકમ વસુલ કરેલી હશે તો અન્ય ક્વાટરમાં આ હુકમ બાદ મજરે આપવાની રહેશે.

૫) ફી નિયમન સમિતિ ધ્વારા સને ૨૦૨૧-૨૨ ના વર્ષની નક્કી કરેલી ફીના ૫ ટકા રકમનો વધારો સને ૨૦૨૨-૨૩ તેમજ સને ૨૦૨૨-૨૩ ની ફીના ૫ ટકાનો વધારો સને ૨૦૨૩-૨૪ ના વર્ષમાં લઇ શકશે.

૬) અરજદાર શાળા વચગાળાના હુકમ મુજબની ફી કરતાં વધુ ફી વસુલ કરી શકશે નહિ. કોઇ સંજોગોમાં વચગાળાના હુકમમાં ફેરફાર થાય અથવા ફી રીવીઝન કમિટીના હુકમમાં ફેરફાર થાય ત્યારે જે હુકમ જે તારીખે થયો હોય તેના બીજા ક્વાટરમાં હુકમ મુજબ ફીમાં ફેરફાર કરવાનો રહેશે તે સિવાય ફી નિયમન સમિતિએ કરેલા હુકમ મુજબની જ ફી શાળાએ વિદ્યાર્થી પાસેથી

વસુલ કરવાની રહેશે અને આ હુકમનો અનાદર કરવામાં આવશે ત્યારે શાળા વિરૂધ્ધ ફી નિયમન અધિનિયમની જોગવાઇઓ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

૭) અરજદાર શાળાએ વચગાળાના હુકમથી નારાજ હોય તો તેઓએ દિન-૭ માં ફી નિયમન સમિતિ, વડોદરા સમક્ષ કારણો સહીતની લેખિતમાં રીવ્યુ અરજી કરવાની રહેશે. જો અરજદાર શાળા વચગાળાના હુકમ વિરૂધ્ધ નક્કી કરેલી સમય મર્યાદામાં રીવ્યુ અરજી કરવામાં નિષ્ફળ જાય ત્યારે વચગાળાનો કરેલો હુકમ આખરી અને નિર્ણાયક ગણવામાં આવશે.

૮) અરજદાર શાળાએ સને ૨૦૨૧-૨૨ ની ફી નિયમન સમિતિ, વડોદરા ધ્વારા નક્કી કરવામાં આવેલી ફી શાળાના નોટીસ બોર્ડ ઉપર તેમજ શાળાની વેબસાઇટ ઉપર અંગ્રેજી તેમજ ગુજરાતીમાં પ્રસિધ્ધ કરવાની રહેશે.

આજ તા.૨૬ માહે મે સને ૨૦૨૨.
સ્થળ :- વડોદરા.

ફી નિયમન સમિતિ વડોદરા વિભાગ,વડોદરાના તા.૨૬/૦૫/૨૦૨૨ ના આદેશાનુંસાર

(મુખ્ય સંયોજક)
ફી નિયમન સમિતિ
વડોદરા વિભાગ,વડોદરા.

પ્રતિ, આચાર્ય/સંચાલકશ્રી, અમૃત વિદ્યાલય (GSHSEB)(અંગ્રેજી માધ્યમ), મું.આટા, પો.અલવા, તા.કાલોલ, જી.પંચમહાલ-૩૮૯૩૧૦..

નકલ રવાનાઃ- મુખ્ય સંયોજકશ્રી, જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી, વડોદરા તરફ જાણ તથા અમલ થવા સારૂ.